eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 292
October 14, 2011

## માહે સપ્ટેમ્બર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં સપ્ટેમ્બર માસ દરમ્યાન ૫૧૪૬ ઈન્ડોર તથા ૪૦૧૩૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૬૦૨ તથા ૧૨૭૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આવો, નામ નોંધાવો અને ખેલમહાકુંભ–૨૦૧૧માં ભાગ લઈ, ગુજરાતને સશકત બનાવો

સુરત મહાનગરપાલિકા અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા.૨૩/૧૧/૨૦૧૧ થી તા. ૦૩/૧૨/૨૦૧૧ દરમ્યાન મહાનગરપાલિકાની ઝોન કક્ષાની એથ્લેટીકસ, કબડ્ડી, રસ્સાખેંચ, ખો–ખો, વોલીબોલ, શુટીંગબોલ, ચેસ, યોગાસન સ્પર્ધા અને તા. ૨૩/૧૧/૨૦૧૧ થી તા.૧૨/૧૨/૨૦૧૧ દરમ્યાન જીલ્લા કક્ષાની કુસ્તી, બેડમિન્ટન, હોકી, સ્કેટીંગ, આર્ચરી(તિરંદાજી), સ્વીમીંગ, જુડો, ટેબલ ટેનીસ, ફુટબોલ, હેન્ડબોલ તથા લોન ટેનીસની રમતો રમાનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો અટકાવવા અંગેના કાર્યક્રમનું આયોજન

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એમ. કે. દાસ તથા આસી. જંતુનાશક અધિકારીશ્રી ડો. ગાયત્રીબેન જરીવાલાના માર્ગદર્શન હેઠળ વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો અટકાવવા અંગે માહે સપ્ટેમ્બર–૧૧ દરમ્યાન કતારગામ ઝોનનાં અલગ અલગ વિસ્તારમાં ઘરોની ટાંકીઓ, ટેરેસ, ડ્રમ/કેરબા, અન્ય પડતર સામાન ચેક કરવામાં આવ્યા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે સપ્ટેમ્બર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં સપ્ટેમ્બર માસ દરમ્યાન ૫૧૪૬ ઈન્ડોર તથા ૪૦૧૩૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૬૦૨ તથા ૧૨૭૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૮૬૧ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૬૭૩ અને જુના ૧૨૪૬ દર્દીઓ સહીત કુલ ૧૯૧૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૨૭ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૯૮ તથા આંખ વિભાગમાં ૨૧૮૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૭૦૧૨ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## આવો, નામ નોંધાવો અને ખેલમહાકુંભ–૨૦૧૧માં ભાગ લઈ, ગુજરાતને સશકત બનાવો

સુરત મહાનગરપાલિકા અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા.૨૩/૧૧/૨૦૧૧ થી તા. ૦૩/૧૨/૨૦૧૧ દરમ્યાન મહાનગરપાલિકાની ઝોન કક્ષાની એથ્લેટીકસ, કબડ્ડી, રસ્સાખેંચ, ખો–ખો, વોલીબોલ, શુટીંગબોલ, ચેસ, યોગાસન સ્પર્ધા અને તા. ૨૩/૧૧/૨૦૧૧ થી તા.૧૨/૧૨/૨૦૧૧ દરમ્યાન જીલ્લા કક્ષાની કુસ્તી, બેડમિન્ટન, હોકી, સ્કેટીંગ, આર્ચરી(તિરંદાજી), સ્વીમીંગ, જુડો, ટેબલ ટેનીસ, ફુટબોલ, હેન્ડબોલ તથા લોન ટેનીસની રમતો રમાનાર છે. "ખેલ મહાકુંભ–૨૦૧૧" અંતર્ગત રમાનાર આ રમતોમાં કિશોર–કિશોરીઓથી માંડીને વૃધ્ધો પણ ભાગ લઈ શકશે. ઉપરોકત તમામ રમતોમાં ભાગ લેવા માટેનાં રજીસ્ટ્રેશન ફોર્મ સુરત મહાનગરપાલિકાની તમામ ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રો, સીનીયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની કચેરી, જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી, પહેલો માળ, જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, નાનપુરા ખાતેથી મેળવી, ભરેલાં ફોર્મ તા. ૨૩/૧૦/૨૦૧૧ સુધીમાં તમામ ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રો તથા નીચે જણાવેલ ઝોન વાઈઝ શાળાઓમાં પરત કરવાનાં રહેશે. આ ખેલ મહાકુંભમાં શહેરનાં નગરજનોને સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

| ઝોનનું નામ | શાળાનું નામ |
|---|---|
| અઠવા ઝોન | આચાર્યશ્રી, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ઘોડદોડ રોડ, સુરત. |
| ઉમ્મસ ઝોન | આચાર્યશ્રી, જ્ઞાનદીપ હાઈસ્કુલ, આભવા, વેસુ, સુરત. |
| રાંદેર ઝોન | આચાર્યશ્રી, એમ.એમ.પી.હાઈસ્કુલ, બોટાવાલા માર્ગ, રાંદેર |
| વરાછા ઝોન | આચાર્યશ્રી, એમ.એન.જે.પટેલ હાઈસ્કુલ, સ્પીનીંગ મીલની સામે, વરાછા |
| કતારગામ ઝોન | આચાર્યશ્રી, સ્વામીનારાયણ ગુરૂકુળ, વેડરોડ, કતારગામ |
| લિંબાયત ઝોન | આચાર્યશ્રી, તારાવિદ્યા મંદિર હાઈસ્કુલ, લિંબાયત |
| સેન્ટ્રલ ઝોન | આચાર્યશ્રી, સર જે.જે.ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ, શાહપોર |
| ઉધના ઝોન | આચાર્યશ્રી, આઈ.જી.દેસાઈ હાઈસ્કુલ, ભટાર ચાર રસ્તા, સુરત |

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો અટકાવવા અંગેના કાર્યક્રમનું આયોજન

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એમ. કે. દાસ તથા આસી. જંતુનાશક અધિકારીશ્રી ડો. ગાયત્રીબેન જરીવાલાના માર્ગદર્શન હેઠળ વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો અટકાવવા અંગે માહે સપ્ટેમ્બર–૧૧ દરમ્યાન કતારગામ ઝોનનાં અલગ અલગ વિસ્તારમાં ઘરોની ટાંકીઓ, ટેરેસ, ડ્રમ/કેરબા, અન્ય પડતર સામાન ચેક કરવામાં આવ્યા. જેમાં જે સ્થળોએ મચ્છરની ઉત્તપતિ થતાં જણાયેલ તે તમામ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યા. તદ્ઉપરાંત કતારગામ ઝોનનાં સ્થાનિક મ્યુ. સદસ્યશ્રી યશોધરભાઈ દેસાઈના સાથ–સહકારથી તા. ૨૩/૦૯/૧૧ ના રોજ નવુ ફળિયું, વાલાવાડી વિસ્તારમાં રાત્રે ૦૯ થી ૧૦ તથા તા. ૨૪/૦૯/ ૨૦૧૧ ના રોજ ડેરી ફળિયુમાં રાત્રે ૦૮ થી ૧૦ તથા તા. ૨૬/૦૯/૨૦૧૧ ના રોજ અંકુર વિદ્યાલય ખાતે રાત્રે ૦૯ થી ૧૦ દરમ્યાન લોક સમજણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં લોકોને ભેગા કરીને મચ્છરની ઉત્તપતિ અટકાવવા મચ્છરથી થતાં રોગો અને તેને અટકાવવા લેવા જોગ પગલાની સમજણ આપવામાં આવી. તેમને લગતા પોસ્ટરો બતાવી પેમ્ફલેટનું વિતરણ કર્યુ. તથા મચ્છરનાં બ્રિડીંગનું લાઈવ ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી સહયોગ આપેલ હતો. મ્યુ. સદસ્યશ્રી યશોધર દેસાઈ તેમજ સુરત મહાનગરપાલિકાનાં અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓનાં સાથ–સહકારથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ હતો.

TOP